૪૦૧ / ૧૦,૪૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાનાં નંબર દર્શાવે છે.**

### વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - ચૌદમી આવૃત્તિ, માર્ચ ૨૦૦૧

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે જણાવો. (૬ ગુણ)**
૧. ''આપણે સરોવરમાં ફરીશું, આનંદ કરીશું.'' ૪૪
૨. ''કેમ અહીં અચાનક આવ્યા ?'' ૧૦૧
૩. ''આ મૂળજી અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.'' ૧૧૧

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ) (૬ ગુણ)**
૧. નીલકંઠવર્ણીએ લખુબાઈને અક્ષરધામ બક્ષિસ આપ્યું. ૮૧
૨. નીલકંઠવર્ણીએ લોજમાં રહેવાનું પસંદ કર્યું. ૮૯
૩. બીજલ કોળી નીલકંઠવર્ણીને પગમાં પડી ગયો. ૭૧

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (૫ ગુણ)**
૧. રાજા રણજિતસિંહને ઉપદેશ. ૧૫
૨. મારવાનો શો અધિકાર. ૭૨
૩. મહંતાઈના પ્રલોભનનો ત્યાગ. ૧૦

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. (૫ ગુણ)**
૧. નરસિંહ મહેતાને ગિરનારમાં કઈ આકાશવાણી સંભળાઈ હતી ? ૮૩
૨. બાવાઓના મહંતે સત્રધર્મા રાજાને શું કહ્યું ? ૫૧
૩. નીલકંઠને સુરતમાં કેટલા ઉપવાસ થયા ? ૬૬
૪. રામાનુજાચાર્યની ગાદીની મુખ્ય બેઠક ક્યાં છે ? ૬૪
૫. નીલકંઠે શું સિદ્ધ કરવા તપસ્યા કરી ? ૨૫

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો. (૬ ગુણ)**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નીલકંઠ વંશીપુરમાં ૧૭, ૧૮, ૧૯
(અ) રાજા-રાણી અને કુંવરીઓ નિત્ય સેવાથી નીલકંઠને પ્રસન્ન કરવા લાગ્યાં. (બ) પોતાનાં ચરિત્રોની વાતો કહેતા.
(ક) કૈલાસનાં દર્શન કરી પાછા વળ્યા. (ડ) નીલકંઠનાં દર્શન કરતાં રાણીને સમાધિ થઈ.

૨. પિબૈકે કરેલા ધુમાડામાંથી કોણ નીકળ્યું ? ૩૬
(અ) કાલીય (બ) કાળભૈરવ (ક) કૌશિક (ડ) બટુકવીર

૩. નીલકંઠે તપસ્વીઓને કરેલા પ્રશ્નો. ૭, ૮
(અ) પ્રગટ ભગવાન વગર કેવી રીતે મોક્ષ પ્રાપ્ત કરશો ? (બ) તમે અહીં શું કરવા આવ્યા છો ?
(ક) પ્રગટ પ્રભુ કેવી રીતે મળશે ? (ડ) પ્રગટ પ્રભુ મળશે ?

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**
**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. **૪૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-
પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-
પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** **(૪ ગુણ)**

૧. સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો ................................. ને બાથ ભીડીને રહેજો. ૯૩
૨. નવલખા પર્વતમાં ................................. યોગીઓ રહે છે. ૩૮
૩. શાલિગ્રામ ................................. કઠારી જળ પી ગયા. ૬૩
૪. બદરિનાથમાં ................................. રાજા નીલકંઠનાં દર્શન કરી પ્રભાવિત થયા. ૧૫

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - સાતમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૦

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**

૧. ''આ દેહે કરીને ભગવાનની ભક્તિ કરવાની મારી દૃઢ ઇચ્છા છે.'' ૪૧
૨. ''આ ટાણું કેમ ચૂકાય ?'' ૫૯
૩. ''ધામમાં આવવાની ઉતાવળ કરશો નહિ.'' ૯

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૪ ગુણ)**

૧. શાસ્ત્રીજી મહારાજ ઓરડામાં આવી એકદમ બેસી ગયા. ૫૩
૨. શુકમુનિને હંમેશાં રાત્રે તાવ આવતો. ૨૧

**પ્રશ્ન.૯. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધ :- બ્રહ્માનંદ સ્વામીની સાહિત્ય સેવા** ૯

**૧.** છંદ, છપય તો એમના જ. **૨.** મારું શરીર સ્થૂળ છે, તેથી આટલું કંતાન નહિ ચાલે. **૩.** ધામમાં આવવાની ઉતાવળ કરશો નહિ. **૪.** આજે આ રચનાઓના જાણકાર પણ બહુ ઓછા છે. **૫.** પોતાની કવિત્વશક્તિથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું. **૬.** મહારાજે દર્શન દઈને પથ્થરની ખાણ બતાવી. **૭.** ગુજરાતી ઉપરાંત બીજી ભાષામાં પણ કરેલી પદરચનાઓ. **૮.** દેવાનંદ સ્વામી અને બીજા સંતો અખંડ તેમની સેવામાં. **૯.** મહારાજની મૂર્તિનાં લગભગ આઠ હજાર કીર્તનો એમણે રચેલાં. **૧૦.** મહારાજનું સર્વોપરીપણું જેવું પ્રવર્તાવો છો તેવું સંપૂર્ણ પ્રવર્તાવશો. **૧૧.** મહારાજની આજ્ઞા પ્રમાણે મૂળીમાં મંદિર બનાવવાનું શરૂ કર્યું.

**પ્રશ્ન.૧૦.નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૪ ગુણ)**

૧. જોબન પગીની હાક ક્યાં વાગતી હતી ? (૩૩)
૨. મહારાજે ઝીણાભાઈને શું શીખવાડ્યું ? (૨૬)
૩. માંદા પડેલા દેવાનંદ સ્વામીની સેવા કોણે કરી ? (૧૫)
૪. જૂનાગઢમાં જેઠા ભગતે કેટલો સમય, કોનો સમાગમ કર્યો ? (૪૭)

**પ્રશ્ન.૧૧.નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. મહારાજે નિર્ગુણદાસ સ્વામીને આપેલ અમૃતઔષધ. ૫૦
૨. અમદાવાદ અને વરતાલ મંદિરનાં બાંધકામમાં બ્રહ્માનંદ સ્વામીની સેવા. ૬
૩. ઝીણાભાઈની હરિભક્ત સાથેની આત્મીયતા. ૨૯

**પ્રશ્ન.૧૨.નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. આશાભાઈ દર પૂનમે દ્વારકા જતા. ૫૫
૨. દેવાનંદ સ્વામી ધામમાં જતાં કંદોઈ હરિભક્તના ઘરના ઉંબરા પર કંકુનાં પગલાં પડ્યાં. ૧૬
૩. ખૈયાની દાદીએ કહ્યું, ''ઉપર બેઠો એ ઢગો બ્રહ્મ છે.'' ૬
૪. મહારાજ ખોડિયાર માતાએ ગયા. ૩૭

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩.નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. BAPS સંસ્થા સંચાલિત ગૌશાળાઓની વિક્રમસર્જક સિદ્ધિઓ
૨. દત્તક ગામોની પુનઃ વસવાટ યોજના
૩. જીવનમાં પૂજા અને પ્રાર્થનાની મહત્તા

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋